ખેડૂતોના ખાતામાં ૧૬ હજાર કરોડની રકમ જમા થશે

દિવાળી પૂર્વે ખેડૂતોને મોદીની મોટી ભેટ

કિસાન સમ્માન નિધિ યોજનાના લાભાર્થીઓને ૧૨મો હપ્તો ચુકવાશે : ગુજરાતના ખેડૂતોને ૧૦૨૩ કરોડની રકમ પ્રાપ્ત થશે

ગાંધીનગર, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવી દિલ્હી ખાતે ૧૭ અને ૧૮ ઓક્ટોબરે યોજાનારા બે દિવસીય પીએમ કિસાન સમ્માન સંમેલનમાં દેશના ખેડૂતોને કિસાન સમ્માન નિધિ યોજનાના લાભાર્થીઓને ૧૨મો હપ્તો ચૂકવશે. આ ૧૨મા હપ્તામાં દેશના ખેડૂતોના ખાતામાં રૂ.૧૬ હજાર કરોડની રકમ જમા થશે, જેમાં ગુજરાતના ૫૧ લાખથી વધુ ખેડૂતોને રૂ.૧૦૨૩ કરોડની રકમ પ્રાપ્ત થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર ખેડૂતો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી રહી છે અને ખેડૂતોની આવક બમણી કરવાના વડાપ્રધાનના સંકલ્પને સાકાર કરવા માટે પ્રતિબદ્ધ છે. ત્યારે કિસાન સમ્માન નિધિ યોજનાનો ૧૨મો હપ્તો રાજ્યના ખેડૂતો માટે વધુ એક રાહત લઈને આવશે.

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના અંતર્ગત દેશના જરૂરિયાતમંદ ખેડૂતોને વાર્ષિક રૂ.૬૦૦૦ આપવામાં આવે છે, જે સીધા તેમના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે. પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાના ૧૨મા હપ્તામાં દેશભરના ખેડૂત લાભાર્થીઓને રૂ.૧૬ હજાર કરોડની રકમનું હસ્તાંતરણ કરવામાં આવશે. આમ, આ યોજના હેઠળ કુલ ૧૨ હપ્તાઓમાં દેશભરના ખેડૂતોના ખાતામાં કુલ રૂ.૨.૧૬ લાખ કરોડની રકમ કેન્દ્ર સરકાર દ્વારા જમા કરવામાં આવી છે જ્યારે ગુજરાતના ખેડૂતોના ખાતામાં અત્યાર સુધીમાં ૧૨,૫૬૫ કરોડ રૂપિયા રકમ જમા કરવામાં આવી છે. દિલ્હી ખાતે યોજાનારા બે દિવસીય સંમેલનમાં ૬૦૦ પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો શરૂ કરવામાં આવશે. આ સમૃદ્ધિ કેન્દ્રોમાં ૪૪ કેન્દ્રો ગુજરાત ખાતે કાર્યરત કરવામાં આવશે. આ કૃષિ સમૃદ્ધિ કેન્દ્રમાં ખેડૂતોને એક જ છત નીચે કૃષિ વિષયક તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. આ કેન્દ્રો ઉપર ખેડૂત સીધો લાભ લઈ શકે તે રીતે જમીન, બિયારણ અને ખાતર પરીક્ષણ માટેની સુવિધાઓ રાખવામાં આવશે. ખેડૂતોની જરૂરિયાત મુજબના નાના-મોટાં ખેત ઓજારો તથા ડ્રોન માટે કસ્ટમ હાયરીંગ સેન્ટરની સુવિધા તેમને ઉપલબ્ધ કરાવવામાં આવશે. આવા સેન્ટરો પરથી ખેડૂતને ખેતી વિષયક અદ્યતન ખેત પદ્ધતિ, નવી ટેકનોલોજી, નવા સંશોધનો અને ભલામણો બાબતે માહિતી આપવામાં આવશે. ખેડૂતોને સીધી અસર કરતી સરકારી યોજનાઓ પણ આ કેન્દ્રો પર પ્રદર્શિત કરવામાં આવશે. આ કેન્દ્રો બજારના અગ્રણી સ્થાનો પર અથવા ગામો અથવા તાલુકાઓમાં કૃષિ મંડીઓની નજીક હશે જેથી ખેડૂતો મુશ્કેલી વિના તેનો ઉપયોગ કરી શકે. ઉપરાંત, આ કેન્દ્રો પર ખાતર ખરીદી માટે PoS, QR Code/ Bar Code સ્કેનરની સુવિધા, સ્ટોકની સ્થિતિ, સહાય અને કિંમત નિદર્શીત કરતું ડીસપ્લે બોર્ડ તેમજ ખેડૂતો માટે બેસવાની સુવિધાઓ પણ હશે, સાથે જ એક હેલ્પ ડેસ્ક પણ હશે. આ કેન્દ્રોમાં પ્રિન્ટર અને ઈન્ટરનેટ કનેક્શન સાથેના કોમ્પ્યુટર અને એલઈડી સ્કીન, સ્માર્ટ ટી.વી.જેવા જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સગવડો રાખવામાં આવશે.

કેજરીવાલની પાટીદારો માટે મોટી જાહેરાત

અમારી સરકાર બનશે તો પંદર દિવસમાં તમામ કેસ પરત ખેંચીશું

ભાવનગરની મુલાકાતે આવેલા અરવિંદ કેજરીવાલે મહારાજા કૃષ્ણકુમારસિંહજીને નમન કરી સ્પીચ શરૂ કરી હતી

ભાવનગર, તા.૧૬

આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ ગુજરાતના પ્રવાસે પધાર્યા છે. અરવિંદ કેજરીવાલ આજે ભાવનગર પહોંચ્યા છે. ભાવનગરની મુલાકાતે આવેલા દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે મહારાજા કૃષ્ણકુમારસિંહજીને નમન કરી સ્પીચ શરૂ કરી હતી. ત્યારબાદ કેમ છો, મજામાં... સ્ટાઈલથી સ્પીચની શરૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ખૂબ મોટા દેશ ભક્ત હતા. સરદાર પટેલ જ્યારે અખંડ ભારત ચળવળ શરૂ કરી ત્યારે સૌથી પહેલું રજવાડુ સમર્પિત કર્યું હતું. અમારી કેન્દ્ર સરકારને બે હાથ જોડીને માંગણી છે, મહારાજા કૃષ્ણકુમારસિંહજીને ભારતરત્ન મળવું જોઈએ. હું ભરોસો આપવા માંગુ છું, અમારી સરકાર આવશે તો એક એક વાયદો પૂરો કરીશું. દેવી કી કૃપા હો રહી હે ઓર ઝાડુ ચલ રહા હે. કેજરીવાલે વધુમાં જણાવ્યું હતું કે, આઈબીની રિપોર્ટ મુજબ આમ આદમીની ગુજરાતમાં સરકાર બનશે. પરંતુ તેના માટે

તમારે એક જોરદાર ધક્કો મારવો પડશે, આ લોકો ખૂબ બદમાશ છે. ૧૫૦ સીટો આવવી જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પાટીદાર આંદોલન સમયે ખોટા કેસ કરી જેલમાં પૂર્યા. જે જે સમાજોએ આંદોલન કર્યું એમના વિરુદ્ધ ખોટા કેસ કર્યા. પરંતુ હું અહીં કહેવા માંગું છું કે અમારી સરકાર આવશે તો ૧૫ દિવસમાં તમામ કેસો પાછા ખેંચીશું. સૌથી પહેલું પગલું ભ્રષ્ટાચાર મુક્તિ રહેશે. અઢી લાખ કરોડ રૂપિયા સરકાર ખર્ચ કરે છે. પણ સુવિધા કેમ નથી આપતી? જો અમારી સરકાર બનશે તો ગળામાં હાથ નાખી બધા પૈસા બહાર કાઢીશું. અમારો કોઈ નેતા ભ્રષ્ટાચાર નહિ કરે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સુરક્ષામાં મોટી ચૂક જોવા મળી

ડીસામાં સભા પુરી થયા બાદ યુવક લેખિતમાં રજૂઆત કરવા માટે મુખ્યમંત્રી પાસે મંચ પર જ પહોંચી ગયો હતો

બનાસકાંઠા, તા.૧૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્વે ભાજપની ગૌરવ યાત્રા રાજ્યના અનેક જિલ્લાઓમાં ફરી રહી છે. ત્યારે આજે ગૌરવ યાત્રા બનાસકાંઠા આવી પહોંચી છે. પરંતુ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં સીએમ ભુપેન્દ્ર પટેલની સુરક્ષામાં મોટી ચૂક થઈ છે. ડીસામાં ગૌરવ યાત્રામાં સીએમ ભુપેન્દ્ર પટેલ જોડાયા હતા. આ દરમિયાન સભામાં સીએમ પટેલ મંચ પર હતા ત્યારે એક યુવક હાથમાં બેગ લઈને એકએક સીએમ ભુપેન્દ્ર પટેલની નજીક પહોંચી ગયો હતો.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, ડીસામાં મુખ્યમંત્રીની સભા પુરી થયા બાદ એક યુવક લેખિતમાં રજૂઆત કરવા માટે મુખ્યમંત્રી પાસે મંચ પર જ પહોંચી ગયો હતો. કાર્યક્રમ પૂરો થતાં જ મુખ્યમંત્રી સભા સ્થળ છોડી રહ્યા હતા, ત્યારે આ યુવક સ્ટેજ પર પહોંચી જતાં અફરાતફરી મચી ગઈ હતી. ભાજપના કાર્યકરોએ જ આ શખ્સને મુખ્યમંત્રી નજીક જતાં અટકાવીને તેના હાથમાં રહેલો કાગળ છીનવી લીધો હતો. ત્યારબાદ આ યુવકને સ્ટેજથી દૂર લઈ જવામાં આવ્યો હતો અને પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. આ શખ્સ તલાટી હોવાનું પ્રાથમિક અનુમાન છે. પોલીસે આ શખ્સની અટકાયત કરી લેતા તે સ્ટેજ પર કેમ ચઢ્યો હતો અને તેના હાથમાં રહેલા કાગળમાં શું લખાણ હતું તે અંગે કોઈ જ માહિતી મળી શકી નથી.

આ ઘટના બાદ એવું મનાય છે કે, યુવક કોઈ રજૂઆત કરવા માટે સ્ટેજ પર ચઢી ગયો હતો. જોકે ત્યાં ઉપસ્થિત કાર્યકરોએ યુવકના હાથમાંથી પત્ર ખીસ્સામાં મુકી દીધો હતો અને તેને દૂર લઈ ગયા હતા. હવે લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે, આખરે એ પત્રમાં શું હતું? ડીસામાં મુખ્યમંત્રીની સભામાં જે રીતે સ્ટેજ સુધી આ શખ્સ પહોંચી ગયો તે સુરક્ષાની મોટી ત્રુટિ કહી શકાય એમ છે.

ભાજપના નેતાનો આપ પર પ્રહાર

ચૂંટણીમાં રેવડી શું, રેવડો પણ વેચશે તો પણ ભાજપ જીતશે

વી.કે. સિંહના આપ અને કોંગ્રેસ પર પ્રહાર

વડોદરા, તા.૧૬

કેન્દ્રીય મંત્રી જનરલ વીકે સિંઘ આજે ગુજરાતની મુલાકાતે છે. વડોદરામાં તેમણે ભાજપના વખાણ કરીને આપ પર પ્રહાર કર્યા હતા. કેન્દ્રીય મંત્રી જનરલ વી.કે. સિંઘે છઈઁ પર પ્રહાર કરતા કહ્યું કે, ચૂંટણીમાં રેવડી શું, રેવડો પણ વેચશે તો પણ ભાજપ જીતશે. દિલ્હીમાં ૫ વર્ષમાં આમ આદમી પાર્ટીએ કોઈ કામ નથી કર્યું. એક પરિવારવાદ પાર્ટી છે, તો બીજી જુઠ્ઠુ બોલનારી પાર્ટી છે. ભાજપની પરિવારવાદ અને જુઠ્ઠું બોલનાર પાર્ટી સામે લડાઈ છે. જ્યાં ડબલ એન્જિનની સરકાર ત્યાં જ વિકાસ થયો છે.

કેન્દ્રીય મંત્રી જનરલ વીકે સિંઘે આજે વડોદરામાં ગૌરવ યાત્રામાં હાજરી આપી હતી. આ ગૌરવ યાત્રા વાઘોડિયા વિધાનસભામાં વિસ્તારમાં ફરી હતી. જેમાં તેમણે મીડિયા સાથેની વાતચીતમાં આપ પાર્ટી પર આક્ષેપબાજી કરી હતી. તેમણે કહ્યું હતું કે, ગુજરાતની ચૂંટણીમાં રેવડી શું રેવડો વેચશે તો પણ ભાજપ જીતશે. ગૌરવ યાત્રાને ગુજરાતમાં ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસની હાર નક્કી છે.

તો મહામંત્રી જે પી અગ્રવાલે કેજરીવાલ પર પ્રહાર કર્યા હતા કે, ભ્રષ્ટાચારથી ભરેલી સરકાર દિલ્હીમાં છે. મંદિર અને ઘરની બાજુમાં દારૂની દુકાનો ખોલી છે. એજ્યુકેશનની વાતો કરે છે, એકપણ નવી સ્કૂલ આપએ બનાવી નથી. માત્ર કલર કર્યા છે. મીડ ડે મિલ નથી, શિક્ષકો નથી, વીજળી નથી, નળમાં પાણી નથી. ગેસ્ટ શિક્ષકોને પગાર મળતો નથી અનેક વાર શિક્ષકો આંદોલન કરી ચૂક્યા છે. દવાખાનામાં દવાઓ નથી, ત્યાંના ડોક્ટરો પર વિશ્વાસ કેમ કરવો. ઉત્તરાખંડ, ગોવા, યુપીમાં જે હાલત છે તેવી જ હાલત દરેક જગ્યાએ થશે. દિલ્હીના વિદ્યાર્થીઓ બાળકોનું પરિણામ ડાઉન અને ડ્રોપ આઉટ રેશિયો ઉંચો છે. કેજરીવાલની પોતે કોઈ ફાઈલ પર સહી નથી કરતા મંત્રી પાસે સહી કરાવે છે, જેથી કોઈ તપાસ થાય તો મંત્રી પર થાય. દિલ્હી અને પંજાબના મુખ્યમંત્રી ફરી ગુજરાતના પ્રવાસે છે.

વડગામમાં ભાજપની ગૌરવા યાત્રા

ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જીન બન્યું છે : મુખ્યમંત્રી

ભુપેન્દ્ર પટેલે સંબોધન કરતાં અલ્પેશ ઠાકોર અંગે પણ ટકોર કરતું નિવેદન કર્યુ હતું

વડગામ, તા.૧૬

આજે વડગામમાં ભાજપની ગૌરવા યાત્રા યોજવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રિય મંત્રી સંજીવકુમાર બાલિયાન, પૂર્વ મંત્રી શંકર ચૌધરી, અલ્પેશ ઠાકોર સહિતના નેતાઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા. વડગામમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સભાને સંબોધિત કરી હતી જેમા અલ્પેશ ઠાકોર અંગે પણ ટકોર કરતું નિવેદન કર્યુ હતુ.

વડગામમાં ભાજપની ગૌરવયાત્રામાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે હસતાં હસતાં અનેક મહત્ત્વની વાતો કરી હતી. જેમા તેમણે જણાવ્યુ કે, અમે જ્યારે બોલવા ઉભા થઈએ તે પહેલાં તમને બધાને આ લોકોએ ભાષણ આપીને થકવાઈ દીધા હોય પણ ભાજપની ગૌરવ યાત્રા હોય ત્યારે થાકવાનું નથી.

આ સાથે અલ્પેશ ઠાકોર અંગે ભુપેન્દ્ર પટેલે કહ્યુ કે, વર્ષોથી અમે સાથે બેઠા છીએ, ભલે કામ કરવા માટે તેમણે થોડી ઘણી ધમાલ કરી હોય. પણ ધમાલ કરવાનું એટલે, એમનો સ્વભાવ છે કે, કામ તો કરવું જ પડશે. કામ કરવા માટે બધાની પરિભાષા અલગ અલગ હોય. કોને કઈ રીતે કામ કરવું છે.

તેમણે વધુમાં જણાવ્યુ કે, ભાજપની કાર્ય પદ્ધતિ કામ માટેની છે. ઈલેક્શન હોય ત્યારે માથાકૂટ કેમ થાય તેનો પ્રયાસ અનેક લોકોનો હોય જેમાં જાતિ નાતી વચ્ચે પણ વિવાદ હોય. ભાજપે દરેક ક્ષેત્રે મજબૂત વિકાસનો પાયો નાખ્યો છે. ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જીન બન્યું છે.

નરેન્દ્રભાઈ મોદીએ વિકાસનો નવો કાર્ય સંકલ્પ આપ્યો. જે યોજના જેને મળવા પાત્ર છે તેને ૧૦૦ ટકા મળે તેવો પ્રયત્ન કર્યો. એક યોજનામાં ઘરમાં ત્રણ કે પાંચને લાભ મળવાનો હોય તો તેમને આપ્યો છે.

આમ આદમી પાર્ટીએ વધુ ૧૨ ઉમેદવારોની યાદી જાહેર કરી

સુરત, તા.૧૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના મહિનાઓ પહેલા ઉમેદવારોનુ લિસ્ટ બહાર પાડવાની આમ આદમી પાર્ટીએ નવો ચીલો ચાતર્યો છે. મતદારો ચૂંટણી પહેલા જ ઉમેદવારોને જાણે અને તેમને ઓળખ તે માટે આમ આદમી પાર્ટી ઉમેદવારોનું લિસ્ટ વહેલા જાહેર કરે છે. ત્યારે આપ પાર્ટીએ આજે ઉમેદવારોનું પાંચમુ લિસ્ટ જાહેર કર્યું છે. આપના પ્રદેશ અધ્યક્ષ ગોપાલ ઈટાલિયાએ પ્રેસ કોન્ફરન્સ કરીને નામની જાહેરાત કરી છે. અત્યાર સુધીમાં પાર્ટીએ કુલ ૫૩ ઉમેદવારના નામ જાહેર કર્યા છે. ભુજ થી રાજેશ પંડોરિયા, ઈડર થી જયંતીભાઈ પ્રણામી, નિકોલ થી અશોક ગજેરા, સાબરમતી થી જસવંત ઠાકોર, ટંકારા થી સંજય ભટાસના, કોડીનાર થી વાલજીભાઈ મકવાણા, મહુધા થી રાવજીભાઈ સોમાભાઈ વાઘેલા, બાલાસિનોર થી ઉદેસિંહ ચૌહાણ, મોરવા હડફ થી બનાભાઈ ડામોર, ઝાલોદ થી અનિલ ગરાસિયા, ડેડીયાપાડા થી ચૈતર વસાવા, વ્યારા થી બિપીન ચૌધરીનો સમાવેશ થાય છે. ગોપાલ ઈટાલિયાએ પહેલુ લિસ્ટ જાહેર કર્યુ હતું ત્યારે આ અંગેનું કારણ આપતા કહ્યું હતું કે, સૌના સાથથી સૌએ સાથે નિર્ણય કરીને અમે પહેલી યાદી બનાવી છે. પાર્ટી દ્વારા જે ઉમેદવારો જાહેર કરાયા છે તેમાં તમામ સમાજ, ગ્રામીણ અને શહેરમાંથી સમાવેશ થાય તે ધ્યાન રખાયુ છે. આપ પાર્ટી યુનિક અને ટ્રેન્ડ સેટ કરનારી પાર્ટી છે.

નિકોલથી અશોક ગજેરા તો સાબરમતીથી જસવંત ઠાકોરને ટિકિટ

રેડક્રોસ સોસાયટી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાવ્યું હતું કે રેડ ક્રોસ દ્વારા આગામી સમયમાં શરૂ કરવામાં આવનાર અત્યાધુનિક પેથોલોજી લેબમાં સર્વાઈકલ કેન્સર બ્રેસ્ટ કેન્સર ના નિદાન માટેના અત્યાધુનિક મશીનો દ્વારા વ્યાજબી ભાવે ટેસ્ટિંગ કરવા અને જેનરિક દવા માટેની સુવિધાઓ ઊભી કરવામાં આવશે. આ લેબમાં લિપિડ પ્રોફાઈલ સહિતના ટેસ્ટ ની સુવિધા ઉભી કરાશે.

તેમણે દાવો કર્યો છે કે આગામી એક વર્ષમાં રેડ ક્રોસ નું નેટવર્ક ગુજરાતના દરેક જિલ્લાઓ અને તાલુકામાં હશે. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને વ્યાજબી કિંમતે આરોગ્ય સેવા અને આરોગ્ય તપાસ ની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો હેતુ છે જેથી લોકો ને આ સ્વાસ્થ્ય સુવિધા અને ટેસ્ટ માટે અહીંથી ત્યાં દોડવું ન પડે.

દરેક જિલ્લામાં મધ્યમ અને સામાન્ય વર્ગના લોકોને સારી સારવાર અને સેવા ઉપલબ્ધ થાય તે માટે દરેક જિલ્લામાં તબક્કાવાર રેડ ક્રોસ ની બ્લડ બેક્ર પેથોલોજી લેબ અત્યાધુનિક હોસ્પિટલ જેનરીક દવાનો સ્ટોર અને ફિઝિયોથેરાપી સેન્ટર તેમજ આરટીપીસીઆર ટેસ્ટ તેમજ મહિલાઓ અને પુરુષોમાં કેન્સર જેવી ગંભીર બીમારીઓના અત્યાધુનિક મશીનો દ્વારા ટેસ્ટ કરવા માટેના અત્યાધુનિક મશીનોની સુવિધાઓ વાળી લેબ ઊભી કરવા નું આયોજન કરવામાં આવ્યું છે. રેડ ક્રોસ ગુજરાતના મહાસચિવ ડો. પ્રકાશભાઈ એ જણાવ્યું હતું કે ૩૫ થી ૪૦ વર્ષની ઉંમરની દરેક મહિલાઓએ સ્તન તેમજ ગર્ભાશયના કેન્સર ના ટેસ્ટ કરાવી લેવા જોઈએ. જેથી વહેલું નિદાન થાય તો વહેલી સારવાર શરૂ કરી કેન્સર થતું રોકી શકાય. ભારતમાં દર ૧૦૦ મહિલાઓએ ૧૨ થી ૧૩ મહિલાઓમાં કેન્સરના આ રોગ જોવા મળે છે. રેડ ક્રોસ ગુજરાત શાખાના ડો. શર્માએ જણાવ્યું હતું કે જુનિયર અને યુથ રેડ ક્રોસ વોલેન્ટિયર તૈયાર કરે છે. આ યુવાનો રેડ ક્રોસમાંથી પ્રશિક્ષણ મેળવી રોજબરોજના જીવનમાં લોકોને પ્રાથમિક સારવાર અને કુદરતી આપત્તિના સમયમાં લોકોનો જીવ બચાવવાનું કામ કરી શકે છે.

ચુકવાયા નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે જી ઈ એમ દ્વારા જે ટેન્ડરો બહાર પાડવામાં આવી રહ્યા છે તેમાં તંદુરસ્ત હરિફાઈ થઈ શકે તે માટે નિવિદા નોટીસ બોર્ડ પર મુકવી અનિવાર્ય છે. જેના લીધે ડિપ્લોમાં અને ડીગ્રી ઈજનેરોને પણ તક મળી શકે અલબત્ત જી ઈ એમ પોર્ટલ મારફતે જાણ થઈ શકે આ ઉપરાંત કોન્ટ્રાકટરોને તેમના કામનુ ચુકવણુ પણ પ્રતિમાસ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવે તેવી પણ માંગણી ઉઠવા પામી છે. વધુમાં ૫૦ લાખના ટેન્ડરમાં અનુભવનુ સર્ટીફિકેટ માંગવામાં આવે છે તેના લીધે તંદુરસ્ત હરિફાઈ થઈ શકતી નથી આ સ્થિતિમાં મળતિયા ઠેકેદારો લાભ લઈ જાય છે. જયારે અન્ય કોન્ટ્રકટરોને સહન કરવાનો વારો આવે છે.

અટપટું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જનરલ કોણ હતા, શક સંવત પ્રમાણે સામાન્ય રીતે ગણેશ ચતુર્થી કયા મહિનામાં આવે છે, સૌ પ્રથમ બોલતી ફીચર ફિલ્મ, હાલમાં ભારતના મુખ્ય આંકડાશાસ્ત્રી કોણ છે, સૌથી નાનો SAARC દેશ કયો છે, વર્ષ ૨૦૨૦માં ભારતનો વ્યાપાર જીડીપી ગુણોત્તર કેટલો હતો. વિગેરે વિષય સંલગ્ન પ્રશ્નો પુછાયા હતા. જેમાં જોડકાં, વિધાનો અને ગણિતના દાખલાઓએ સમય વધારે લીધો હતો.

આ પ્રશ્નપત્રમાં ઈતિહાસના પ્રશ્નોથી કેટલાક વિદ્યાર્થી મુંજાયા હતા.

તેરમી સદીના અંતમાં કાકટીયા સામ્રાજ્યની મુલાકાત લેનાર વિદેશી મુસાફરનું નામ શું હતું જેવા પ્રશ્નો પુછાયા હતા.

પીવીસી કાર્ડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સપ્ટેમ્બર ૨૦૨૧થી અત્યાર સુધીમાં ૫૦ લાખથી વધુ કાર્ડ આપવામાં આવ્યા છે. આ લાભાર્થીઓને હવે પ્રિન્ટ કરાયેલા નવા આયુષ્માન PVC કાર્ડ આપવામાં આવશે.

લાભાર્થીને કાર્ડના વિતરણ માટે ગુજરાતમાં આયોજિત થનારા રાજ્યકક્ષાના કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલી જોડાશે અને તેઓ PMJAY-MA કાર્ડના લાભાર્થીઓ સાથે સંવાદ પણ કરશે. રાજ્ય કક્ષાના આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે. સાથે જ કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયા વર્ચ્યુઅલી આ કાર્યક્રમમાં જોડાશે અને ગુજરાતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ઋષિકેશ પટેલ પણ ઉપસ્થિત રહેશે.

ગુડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્કીમ નંબર ૯ અને ૧૩ ઉપરાંત સ્કીમ નંબર ૧૪ એટલે કે કોલવડા વિસ્તારમાં ચોમાસાના દિવસો દરમિયાન વોંકળા, ગટર કે નાળા ઉભરાવાથી રસ્તા બંધ રહે તેવી સ્થિતિનું જ્યાં નિર્માણ થાય છે. ત્યાં ૪ નાળા મતલબ કે બોક્સ કલ્વટર્સ બનાવવા માટે પણ તૈયારી કરી લેવાઈ છે. તેના માટે રૂપિયા ૩.૧૦ કરોડ ઉપરાંતના ખર્ચનો થવાની સંભાવના છે

અનુવાદ કર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરતા ડૉ. જયેશ તન્નાએ ભારતીય અર્થતંત્રને લઈ ૪ જેટલા પુસ્તકો અને મેનેજમેન્ટમાં કોર ગૃપ વિષયના લગભગ ૬ થી વધુ પુસ્તકોના સંપાદનમાં યોગદાન આપેલ છે.

આ દંપત્તિએ જણાવ્યુ હતુ કે અમારી સંસ્થાના ચેરમેન સરદાર સાહેબે અમને સતત પ્રોત્સાહિત કર્યા છે એટલે તેમનો વિશેષ આભાર. તેઓ સાથે પણ શૈક્ષણિક સંવાદ પણ આટલો જ આહ્લાદક અને સતત પ્રેરણારૂપ રહ્યો છે.

વોટ્સએપ ઓફ ધી વીક

● અનુસંધાન ચોથાનું ચાલુ...

પણ હકીકત તો વિપરીત છે. આપણે કદાચ ગોડસે જેવા હોઈ શકીએ, પણ ગાંધી જેવા તો બિલકુલ નહીં.

આ જ વસ્તુ હંમેશા થતી રહી છે. બુદ્ધ આપણને યાદ છે, મહાવીર યાદ છે, રામ કૃષ્ણ યાદ છે, ઈશુ આપણને યાદ છે. અને આવી થોડીક વ્યક્તિઓના આધારે આપણે પ્રાચીન કાળના જનસમાજ વિશે જે ખ્યાલો બાંધીએ છીએ તે બિલકુલ ભ્રમભરેલા છે. સત્ય તો એ છે કે જો મહાવીરના કાળમાં લોકો અહિંસક હોત, તો મહાવીરને યાદ રાખવાની કોઈ જરૂર જ ન રહેત. જો બુદ્ધના સમયમાં લોકો બુદ્ધ જેવા હોત, તો બુદ્ધને મહાપુરુષ કહેવાની જરૂર ન રહેત. હજારો વરસ પછી આજે આ બધી વ્યક્તિઓનું આપણે સ્મરણ કરીએ છીએ તે તો એટલા માટે કે તે બહુ અનોખાં ને અદ્વિતીય મનુષ્યો હતા; એમના જેવું બીજું કોઈ નહોતું.

મહાન માનવતાનો જન્મ જે દિવસે થશે, તે દિવસે મહાપુરુષોના યુગનો અંત આવી જશે. મહાપુરુષોનું વિશિષ્ટપણે ત્યાં સુધી જ સંભવિત છે જયાં સુધી સામાન્ય માનવતાનું સ્તર નીચું અને વિકૃત છે. સફેદ દીવાલ પર સફેદ અક્ષરથી લખવું અર્થહીન છે, એ તો કાળા પાટિયા પર જ લખવું જોઈએ. સફેદ ખડી કાળા પાટિયા પર દેખાય છે. મહાવીર અને બુદ્ધ આપણને દેખાય છે કારણ કે તેઓ માનવતાના કાળા પાટિયા ઉપર સફેદ ખડીના લીટાઓ છે. પણ એમના આધારે આપણે નક્કી કરી નાખ્યું કે પ્રાચીન માનવ સારો હતો.

વિચારો કરો કે બુદ્ધનો ઉપદેશ શું છે? જીસસનો ઉપદેશ શું છે? પોતાના જમાનાના સમાજને એ શું સમજાવી રહ્યા છે? એ બોધ આપે છે કે ચોરી ન કરો, બેઈમાની ન કરો, હિંસા ન કરો, ધૃણા ન કરો. જો ત્યારના લોકો ઈમાનદાર હતા ને ચોર ન હતા, તો એ બધો ઉપદેશ કોને માટે હતો ? કોને કહી રહ્યા હતા એ કે ચોરી ન કરો, બેઈમાની ન કરો ? તે વખતના લોકોને જ ને? અને એ જ ઉપદેશ આજે આપણા યુગને પણ આપવો પડે છે, એ કઈ વાતનો પુરાવો છે? એ જ વાતનો કે મનુષ્ય જેવો આજે છે તેવો જ લગભગ હંમેશા રહેલો છે. કેમ કે જે ઉપદેશની આજે તેને જરૂર છે તે જ ઉપદેશ ભૂતકાળમાં પણ હંમેશા જરૂરી હતો. દવાઓ રોગનો ખ્યાલ આપે છે, ઉપદેશ ઉપરથી તે સાંભળનાર મનુષ્યની હાલતનો ખ્યાલ આવે છે. સ્વસ્થ માણસને માટે ઔષધિની જરૂર ઊભી થતી નથી. જે ઔષધોની પાંચ હજાર વરસ પહેલાં જરૂર હતી, તેની જ આજના જમાનાને પણ જરૂરત હોય, તે પછી વર્તમાનકાળને ગાળો દેવી એ અણસમજ છે.

તો, આવો, દિપાવલીના આ પાવન પર્વે ભૂતકાળ અને વર્તમાનનો સુભગ સમન્વય સાધીએ. જે રીતે સમયાંતરે નાત-જાતના ભેદભાવ અને સ્ત્રી-પુરુષ બંનેને સમાન દરજ્જો આપવા તરફ આપણે આગળ વધ્યા છીએ તે જ રીતે સૌ સાથે મળીને ''જનરેશન ગેપ' નામની ખાઈને પણ સમજણરૂપી માટીથી ભરી દઈએ. વડીલો અને બાળકો સૌ એકબીજાને વધુ સારી રીતે સમજી શકે અને સૌ સાથે મળીને પ્રેમપૂર્વક ઈશ્વરે રચેલી આ સુંદર સૃષ્ટિને લાગણીઓથી મહેકાવી દે એ જ આ દિપાવલીના તહેવારની આપ સર્વેને શુભકામના.

- nehalgadhavi101@gmail.com

મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરિવર્તન અને આધુનિકતાના આધારે પ્રચાર કરી રહ્યા છે, પરંતુ વરિષ્ઠ નેતાઓનું સમર્થન ન મળવાનું ટેન્શન પણ તેમના નિવેદનોમાં જોવા મળ્યું છે. થરૂર અગાઉ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવની ચૂંટણી લડ્યા હતા, જ્યાં તેમને હારનો સામનો કરવો પડ્યો હતો. આ ચૂંટણીમાં પાર્ટી સદસ્યતા અભિયાન હેઠળ રચાયેલા લગભગ ૯૩૦૦ પ્રતિનિધિઓ મતદાન કરશે. ડેલિગેટ જે રાજ્યના છે, તે રાજ્યના કોંગ્રેસ મુખ્યાલયમાં જઈને મતદાન કરવાનું રહેશે.

વિઝા

● અનુસંધાન પહેલાનું ચાલુ

એમ્બેસીએ જણાવ્યુંકે B1/B2 વિઝા માટે વેઈટિંગનો ગાળો ઘટાડવા માટે અમે આગામી મહિનાઓમાં ખાસ પગલાં લઈશું. આ વિઝાનો ઉપયોગ ટુરિસ્ટ અને બિઝનેસમેન દ્વારા કરવામાં આવે છે. કોન્સ્યુલર ઓફિસર્સને અધિકાર આપવામાં આવ્યો છે કે ચોક્કસ પિટિશન આધારિત નોન-ઈમિગ્રન્ટ વિઝાને રુબરૂ ઈન્ટરવ્યૂમાંથી મુક્તિ આપી શકાય છે. તેમાં નીચે મુજબની કેટેગરી સામેલ છે.